## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે ધવલ એચ. રાવલના નિવાસસ્થાને યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્રોત મંડળ, સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે પિયુષભાઈ ત્રિવેદી, ૬, વિરાટનગર સોસાયટી ખાતે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે જયેશભાઈ દવે ૧૨૫૮-બી-૧, સે. ૩ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં શ્રી કૃષ્ણભગવાનને ગોપીઓ ઝુલે ઝુલાવશે., ધાર્મિક કાર્યક્રમમાં દર્શનનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.
- આજે પંચદેવ મંદિરના ધર્માચાર્ય શ્રી ફુલશંકર શાસ્ત્રીના હસ્તે મહારાજશ્રી નીલકંઠ શાસ્ત્રીના કંઠમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ૨૧ મુખી રૂદ્રાક્ષાની ધારણવિધિ કરાવશે.
- પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન સ્રોત અને વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે શર્મિષ્ઠાબેન જતીનભાઈ દવે ડી-૨૦૨, પ્રાર્થના ગ્રીન્સ ખ-રોડ સરગાસણ ચોકડી પાસે યોજાશે.

# છોટા ઉદેપુર જિલ્લામાં હરણ નદી પર આઠ કરોડના ખર્ચે પુલ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૦

છોટા ઉદેપુર જિલ્લાના હરણ નદી ઉપર અંદાજે રૂ. ૮ કરોડના ખર્ચે પુલ બનાવવામાં આવશે તેવી જાહેરાત આજે રાજયના માર્ગ અને મકાન વિભાગના મંત્રી નિતીનભાઈ પટેલે કરી હતી.

છોટા ઉદેપુર જિલ્લામાં હરણ નદી આવેલી છે. આ નદી ઉપર પુલ બનાવવામાં આવેલ ન હોઈ આ તાલુકાના ચમરવાડા અને સજનપુર ગામના વિદ્યાર્થીઓને નદીના સામે કાંઠે નદીમાં ભરીને શાળાએ જવું પડતું હતું.

આ અંગેના સમાચાર ટીવી ચેનલમાં પ્રસારીત થતાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ મીડિયાના અહેવાલોને ધ્યાને લઈ સુઓમોટો કરી રાજય સરકારને નોટીસ પાઠવી છે.

આ અંગેની પ્રતિક્રિયા પત્રકારોને આપતાં રાજયના માર્ગ અને મકાન મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ૧૪મી ઓગષ્ટના હરણ નદી પર રૂ. આઠ કરોડના ખર્ચે પુલ બનાવવાનો નિર્ણય લઈને મંજુરી આપી દેવામાં આવી છે.

સરકારે લીધેલા આ નિર્ણયના કારણે ઉપરોકત ગામના વિદ્યાર્થીને શાળાએ જવા માટે પડતી મુશ્કેલી દૂર થશે.

# પોરબંદરમાં બ્રિજ તુટી પડવાની ઘટનાની તપાસ માટેના આદેશ

## તપાસ માટે માર્ગ-મકાન વિભાગના ઈજનેરોની ટીમ પોરબંદર જવા રવાના

ગાંધીનગર, તા. ૨૦

પોરબંદરમાં બ્રિજ તુટવાની બનેલી ઘટના અંગે તપાસના આદેશ રાજ્ય સરકારે આપતાં માર્ગ અને મકાન વિભાગે એન્જીનિયરોની એક ટીમ પોરબંદર રવાના કરી હોવાનું જાણવા મળે છે.

પોરબંદરના બાયપાસ રોડ પર છેલ્લા પાંચ વર્ષથી સ્પ્લિટ ફ્લાયથી ઓવર બ્રિજની કામગીરી ચાલી રહી હતી. આ દરમ્યાન મંગળવારના રોજ આ બ્રિજ તુટી પડતા કામ કરી રહેલા બે શ્રમિકોને ઈજાઓ થવા પામી હતી.

ઓવરબ્રિજ તુટવાની બનેલી આ ઘટના અંગે રાજ્યના માર્ગ અને મકાન વિભાગના મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આ ઘટનાની તપાસ માટે માર્ગ અને મકાન વિભાગના સચિવને આદેશ આપી દેવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે માર્ગ અને મકાન વિભાગના ઈજનેરોની એક ટીમ તપાસ અર્થે પોરબંદર રવાના કરી દેવામાં આવી છે. ઈજનેરોની ટીમ આ ઘટનાની જાત તપાસ કરીને બ્રિજ તુટી પડવાના કારણો જાણીને તેનો અહેવાલ સરકારને સુપરત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોરબંદરમાં બાયપાસ રોડની ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે રૂ. ૬૫ કરોડના ખર્ચે નરસંગ ટેકરીથી માર્કેટીંગ યાર્ડ સુધી સ્પ્લિટ ફ્લાય ઓવરનું કામ છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે. આ પુલનું કામ શરૂઆતથી જ વિવાદમાં રહ્યું છે.

## સરગાસણમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં પમ્પીંગ સ્ટેશન પાસે ખુલ્લા મેદાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસની ટીમે દરોડો પાડી ચાર જુગારીઓને રંગે હાથ ઝડપી પાડયા હતાં. રૂ. ૫૧૦૦ના રોકડ મુદ્દામાલ સાથે અમદાવાદના દશક્રોઈ વિસ્તારના ઠાકોર લીલાજી ચતુરજી, નરોડાના પ્રજાપતિ મંથન જશવંત, નિકોલના મકવાણા ડાહ્યા સનાભાઈ અને સરગાસણના શૈલેષ અભાજી ઠાકોર મળીને ચારેય શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિ.સિ.કા. દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સિનિયર સિટિજન કાઉન્સિલ ગાંધીનગર અને સહયોગ મંડળ દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. તા. ૨૩ ઓગસ્ટના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન જુની સરકારી માધ્યમિક શાળા ખાતે તેમજ તા. ૨૭ ઓગસ્ટના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે સરકારી આર્ટસ કોલેજ સેક્ટર-૧૫ ખાતે યોજવામાં આવશે. કેમ્પને સફળ બનાવવા માટે મોટી સંખ્યામાં રક્તદાન કરવા નગરજનોને અપીલ કરવામાં આવી છે. તેમજ તા. ૧૫ ઓગસ્ટના રોજ સેક્ટર-૨૧ વૈજનાથ મંદિરે યોજાયેલ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ આપનાર વૈજનાથ મહાદેવ ટ્રસ્ટીગણ, સહયોગ મંડળનો આભાર વ્યક્ત કર્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સંસ્કારી નગરી પાટનગર ગાંધીનગરમાં રોજ બરોજ ગુન્હાખોરીનું પ્રમાણ વધતું જાય છે. સોમવારે વહેલી સવારે લગભગ ૫.૩૦ના સુમારે સેક્ટર-૬-બીમાં રહેતા અને દૂધ વિતરણના વ્યવસાય સાથે સંકળાયેલા શાંતાબેન પટેલ પર એકટીવા પર આવેલા બે શખ્સોએ પથ્થરનો ઘા કરી લૂંટનો પ્રયાસ કર્યો. પરંતુ ચાલુ વાહને કરેલ આ પથ્થરનાં (જે દૂધની પ્લાસ્ટીકની થેલીમાં મુકવામાં આવ્યો હતો) ઘાની વાગવા છતાં વધુ અસર ન થઈ અને શાંતાબેને પટેલે બુમાબુમ કરતાં આ એકટીવા સવારો અંધારાનો લાભ લઈ પલાયન થઈ ગયા હતા. આ ઘટનાના થોડા સમય બાદ જ ચેઈન સ્નેચીંગની વિગત પ્રકાશમાં આવી હતી. ધોળા દિવસે અને વહેલી સવારે બહેનો પરનાં હુમલાઓને વખોડી કાઢવાથી કામ નહિ ચાલે. પોલિસ તંત્ર દ્વારા આવા અસામાજીક તત્વોને ડામવા કડકાઈ બતાવવી જ પડશે. સેકટર-૬-બીમાં છેલ્લા ૨ મહીનામાં આવ પાંચથી છ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે તે શું સાબિત કરે છે? આવા તત્ત્વોને કાયદાનો કે પોલીસનો કેમ ડર નથી? કે કહેવાતા કડક પોલિસ અધિકારીઓ ફકત નબળા અને મધ્યમવર્ગો પર જ રોફ જમાવે છે. અને વગદારો પર રહેમ નજર રાખે છે..! સેકટર-૬માં મુખ્ય પોલીસ ચોકી આવેલી છે. જેનાથી થોડા અંતરે જ આવી ઘટનાઓ બનતી હોય ત્યારે ચોકકસ ચિંતાનો વિષય બની જાય અને શહેરની સ્ટ્રીટ લાઈટો પણ સવારે ૫.૩૦ વાગે જયારે અંધકાર હોય ત્યારે બંધ કરી દેવાય છે અને સાંજે અજવાળા દરમિયાન ચાલુ કરી દેવાય છે. આ બાબતને પણ વિશેષ ધ્યાન લેવામાં આવે તેવી રહીશોની માંગણી છે.

## પ્રાંતિજમાં કૃષ્ણ જન્મોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજમાં કૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વે ભાવિકો દ્વારા ઠેર ઠેર મટકી ફોડ, ભજન કિર્તન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કૃષ્ણ જન્મોત્સવને લઈ પ્રાંતિજમાં સ્થિત જુદા જુદા કૃષ્ણ મંદિરમાં વહેલી સવારથી જ ભક્તો દ્વારા અવનવા હિંડોળા બતાવી કૃષ્ણને ઝુલાવવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ઉપરાંત તાલુકામાં વિવિધ સ્થળોએ લોક મેળાની લોકોએ મજા માણી હતી. જ્યારે આઠમની રાત્રિના બાર વાગે શંખનાદ સાથે કૃષ્ણ જન્મના વધામણા કરવામાં આવ્યા હતા.

## સચિવાલય જીમખાનાની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

સચિવાલય જીમખાના સેકટર-૨૧ની વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૩૧-૮-૧૪ને રવિવારે સવારે ૧૦-૦૦ કલાકે જીમખાના ખાતે કરવામાં આવ્યું છે વાર્ષિક સામાન્ય સભામાં જીમખાનાના તમામ સભ્યોએ અચુક હાજર રહેવા માનદ મંત્રીશ્રી એચ.ડી. સેઈલરે વિનંતી કરી છે. સભા પૂર્ણ થયા બાદ સભ્યો માટે ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## કંપની સમાચાર

### પ્રવાસીઓને કીલોમીટર દીઠ માત્ર રૂ. ૧૨માં હાઈટેક, મોબાઈલ એપ્લિકેશનથી સજ્જ સર્વિસની ઓફર

ભારતના સૌથી મોટા કેબ નેટવર્ક ઓલાકેબ્ઝ દ્વારા અમદાવાદમાં તેની સર્વિસીસનો પ્રારંભ કરાયો છે. મુંબઈ, બેંગ્લોર, દિલ્હી-એનસીઆર, ચેન્નાઈ, પૂના, ગોવા, જયપુર, ચંદીગઢ અને હૈદ્રાબાદ પછી કંપનીનું ૧૦મું સેન્ટર અમદાવાદ છે. સૌ પ્રથમવાર રજુ કરાયેલી એન્ડ્રોઈડ,આઈઓએસ અને વિન્ડોઝ એપ્લીકેશન દ્વારા ગ્રાહકો ઓલા બુક કરાવી શકશે. અથવા વિકલ્પે ૦૭૯-૩૩૫૫ ૩૩૫૫ અથવા વેબસાઈટ www.olacabu.com. દ્વારા ઓનલાઈન બુકીંગ પણ કરાવી શકશે. ઓલાની સર્વિસનો અનુભવ કરવા ગ્રાહકો એએચડી-૨૦૦ કોડનો ઉપયોગ કરીને અમદાવાદમાં તેમની કોઈપણ મુસાફરીમાં રૂ. ૨૦૦નું ડીસ્કાઉન્ટ મેળવી શકશે.

ઓલાકેબ્ઝના ડિરેક્ટર-માર્કેટીંગ કોમ્યુનિકેસન્સ, શ્રી આનંદ સુબ્રમણ્યમ જણાવે છે કે 'અમદાવાદમાં અમારી સર્વિસીસ રજુ કરતાં અમે ખૂબ જ રોમાંચિત છીએ. અમદાવાદનો સમાવેશ દેશના ખૂબ જ મહત્વના આર્થિક અને ઔદ્યોગિક કેન્દ્રોમાં થાય છે અને તે વસતિની દૃષ્ટિએ દેશનું પાંચમાં નંબરનું સૌથી મોટું શહેર છે. અમદાવાદ શહેર વિકસતું હોવા છતાં અહીં પેસેન્જરો માટે સુગમ અને હાઈકવોલિટી ધરાવતા તથા ભરોસાપાત્ર પ્રવાસનો અનુભવ કરાવતી સર્વિસીસનો અભાવ જણાય છે. અમારો ઉદ્દેશ લોકલ ઓપરેટર્સ અને શહેરના વિવિધ ભાગોમાં કાર્યરત ઓપરેટરો પાસેથી એક જ ટેકનોલોજી પ્લેટફોર્મ દ્વારા હાઈક્વોલિટી કેબ્ઝ ઉપલબ્ધ બનાવી ગ્રાહકોને જ્યારે જરૂર હોય ત્યારે ઉપલબ્ધ કરવાનું ખૂબ આસાન બનાવવાનો છે.

### ટાટા મોટર્સની તદ્દન નવી સ્ટાઈલીશ કોમ્પેક્ટ સેડાન ઝેસ્ટની અમદાવાદમાં રજૂઆત

ટાટા મોટર્સ દ્વારા આજે પેટ્રોલ સેગમેન્ટમાં રેવોટ્રોન ૧.૨ મૉડલ રૂ. ૪.૭૪ લાખની એક્સ શૉ રૂમ કિંમતે અમદાવાદમાં કોમ્પેક્ટ સેડાનની રજૂઆત કરવામાં આવી છે. ડીઝલ વેરિયન્ટમાં પ્રારંભિક કિંમત રૂ. ૫.૮૦ લાખ છે. ટાટા મોટર્સની ઝેસ્ટમાં ડીઝાઈનેકસ્ટ ડ્રાઈવનેકસ્ટ અને કનેક્ટનેસ્ટ તેના વર્ગમાં અપવાદરૂપ અને શ્રેષ્ઠ પર્ફોમન્સ પૂરો પાડશે. આ સેડાન વધુ જગા ધરાવતા ડાયનેમિક કમ્ફોર્ટેબલ વાહન તરીકે રજૂ કરાયેલ છે. કંપનીએ ૧૨મી ઓગસ્ટથી ઘણાં સમયથી રાહ જોવાતી આ કારના વેચાણનો પ્રારંભ કર્યો છે, જે આજથી ૪૭૦ ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ સેલ્સ આઉટલેટ્સમાં ઉપલબ્ધ બની છે.

### રોજીંદી મુસાફરીને વધુ રોમાંચક બનાવવા બજાજ દ્વારા નવાં બે ડિસ્કવર ૧૫૦ની રજૂઆત

બજાજ ઑટો એ આજે આનંદ સાથે ડિસ્કવર શ્રેણીમાં તદ્દન નવાં બે બાઈક, ડિસ્કવર ૧૫૦ એફ (હાફ ફેરીંગ) અને ડિસ્કવર ૧૫૦ એસ (સ્ટાન્ડર્ડ ફેરીંગ) ની રજૂઆત કરી હતી. હાલમાં બજારમાં ઉપલબ્ધ બાઈક્સ પૈકી આ ડિસ્કવર ૧૫૦ બાઈક્સ ગ્રાહકોને અન્ય બાઈક્સ કરતાં વધારે રોમાંચિત અને અદ્ભૂત સવારીનો એહસાસ કરાવશે. બજાજ ઑટોના વાઈસ પ્રેસીડેન્ટ (એસડી એન્ડ એસ) સંજય સારસ્વતે પ્રશેષણ સમયે કહ્યું હતું કે, 'નવાં રજૂ કરાયેલા ડિસ્કવર ૧૫૦ બાઈક અદ્ભૂત તાકાત વાળા છે જે, રોજીંદા જીવનમાં સામાન્ય અને પરંપરાગત રીતે બજારમાં રજૂ થતા એક સરખી ટેકનોલોજીવાળા બાઈક કરતાં વધારે કાર્યક્ષમ હોવાથી ચાલક તેની મજા માણી શકશે. આ બાઈકમાં ૪ વાલ્વની ક્ષમતાવાળુ ૧૪૫ સીસી ડીટીએસ-આઈ સજ્જ અદ્યતન એન્જીન છે જે શ્રેણીમાં સૌથી વધારે ૧૪.૫ પીએસ પાવર અને ૭૨ કિ.મી. પ્રતિ લિટરની માઈલેજ આપે છે. આ બાઈક તેઓને આકર્ષશે, જેઓ દૈનિક મુસાફરી બાઈક પર કરે છે અને સવારી દરમિયાન મંજીલ સુધી પહોંચવામાં ઘણો સમય લાગે છે.'

## એન.એસ.યુ.આઈ.એ વૃક્ષારોપણ કરી સ્વ. રાજીવ ગાંધીને શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ. દ્વારા દેશના પૂર્વ વડા પ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૭૦મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી એન.એસ.યુ.આઈ. દ્વારા સમર્પણ આર્ટસ કોલેજ સે-૮ સરકારી પોલીટેકનીક, સે-૨૬, સરકારી ઈજનેરી કોલેજ સે-૨૮, સિધ્ધાર્થ લો કોલેજ સે-૧૬ અને સરકારી વિજ્ઞાન, વાણિજય અને વિનયન કોલેજ સે-૧૫ ખાતે વૃક્ષારોપણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ગુજરાત પ્રદેશ મંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, પ્રતિકસિંહ ગોહિલ, અજયસિંહ વાઘેલા, કુલદિપસિંહ વાઘેલા, જનક નાયક, નિરવ સોની સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

# મોડાસા જીવદયા ટ્રસ્ટે રાષ્ટ્રીય પક્ષી મોરને નવી જીંદગી બક્ષી

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના રામપુર ગામે રાષ્ટ્રીય પક્ષી મોર વીજ થાંભલા ઉપર બેસવા જતા વીજ કરંટ લાગતા તેને



ગંભીર ઈજાઓ થતા જમીન પર પટકાયો હતો. બાદમાં કુતરાઓએ પણ હુમલો કરતા મોર વધુ ઘાયલ થતા આસપાસના ખેડૂતોએ આ દશ્ય જોઈ કુતરાના ચુંગાલમાંથી મોરને બચાવી તેનો જીવ બચાવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કાર્યરત જીવદયા ટ્રસ્ટ નામની સંસ્થા મોડાસા સહિત આસપાસના વિસ્તારોમાં અબોલ જીવ એવા પશુ પંખીઓની મફત સેવા અને સારવાર આપી રહી છે. ત્યારે આજે આ સંસ્થાના સભ્યો દ્વારા રાષ્ટ્રીય પક્ષી મોરનો જીવ બચાવી દેશ ભક્તિની ઉમદા મિશાલ રજૂ કરી હતી.

ઘટનાની વિગત એવી છે કે મોડાસા તાલુકાના રામપુર ગામે વીજ થાંભલા પર રાષ્ટ્રીય પક્ષી મોર બેસવા જતા વીજ કરંટ લાગતા મોર જમીન પર પટકાયો હતો. આથી ઘાયલ મોર જોઈ આસપાસના જંગલી કુતરાઓએ મોરને પીંખી નાખતા ખેતરમાં કામ કરતા ખેડૂતોએ તાત્કાલિક આવી મોરને બચાવ્યો હતો. સ્થાનિક રહિશ રવિ પટેલે મોડાસા જીવદયા સંસ્થાનો સંપર્ક કરતાં સંસ્થાના સભ્યો દ્વારા નિલેષ જોશી, અંકિત પટેલ, કે.ઓ. શાહ, હાજી બાયડીયા વગેરેએ મોરને પ્રાથમિક સારવાર આપી હતી. બાદમાં ડૉ. કિરણ પટેલે ઘાયલ મોરને સઘન સારવાર આપી મોરનો જીવ બચાવ્યો હતો. મોરને સારવાર બાદ જીવદયા ટ્રસ્ટની મદદથી જંગલખાતાને જાણ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યો હતો. ટ્રસ્ટની આ કામગીરીને પગલે જીવદયા પ્રેમીઓએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

## પાલનપુરમાં લશ્કરી ભરતી મેળો યોજાશે

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના મંડાણા (ડાંગીયા) એસ. આર. પી. ગૃપ-૩ ખાતે ૨ થી ૧૨ સપ્ટેમ્બર ૧૪ દરમિયાન લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટેકનિકલ, સોલ્જર ટેકનીકલ (એયુએન) સોલ્જર ટેકનિકલ નર્સિંગ આસિસ્ટન્ટ, સોલ્જર કલાર્ક સહિત જુદી જુદી જગ્યાએ ભરતી યોજાશે.

ભરતીમાં સાડા સત્તરથી એકવીસ વર્ષ એસ.એસ.સી. પાસ ઉમેદવારો તેમજ સાડા સત્તરથી ત્રેવીસ વર્ષની ઉંમર ધરાવતા એચ.એસ.સી. સાયન્સ, સ્નાતક (મેથ્સ, એકાઉન્ટ, બુક ડિપીંગ, અંગ્રેજી અને ડિપ્લોમાં)ની લાયકાતવાળા ઉમેદવારો ભાગ લઈ શકશે. જેમાં સાબરકાંઠા જિલ્લાના ઉમેદવારો તા. ૩-૯-૧૪, અરવલ્લી જિલ્લાના ઉમેદવારો માટે તા. ૭-૯-૧૪ ના સવારે ૬ કલાકે ભરતી થશે. ભરતી મેળા વિશેની વધુ વિગતો માટે જિલ્લા રોજગારી કચેરી, હિંમતનગર ખાતે રૂબરૂ અથવા ટેલિફોન નં. (૦૨૭૭૨) ૨૪૦૯૩૪ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

## જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે

હિંમતનગર, તા.૨૦

સાબરકાઠા જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં તા. ૩૦-૮-૨૦૧૪ શનિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેકટર કચેરી સભાખંડ ખાતે યોજાશે. જેમાં તમામ અમલીકરણ અધિકારીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટરે જણાવ્યું છે.

## જ્ઞાન સપ્તાહ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમ યોજવામાં આવશે. જ્યારે ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકોનું સન્માન કરવામાં આવશે.

આ સપ્તાહની ઉજવણી અંગેની વિગતો આપતાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રાઠોડે જણાવ્યું હતું કે આ સપ્તાહ માટે પાંચ વિષયો નિયત કરવામાં આવ્યા છે. જેમાં સ્વચ્છતા, સમૃધ્ધિ, સ્વયંશિક્ષણ, સમઉલ્લાસ અને શિક્ષક સન્માનનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આ જ્ઞાન સપ્તાહની ઉજવણીના મોનીટરીંગ માટે ૩૨ જેટલી જુદી જુદી ટીમો બનાવવામાં આવશે જે રોજની બે શાળાઓમાં આ કાર્યક્રમના મોનીટરીંગ ઉપરાંત માર્ગદર્શનની કામગીરી કરશે.

તેમણે જણાવ્યું હતું કે આ જ્ઞાન સપ્તાહની ઉજવણીમાં દરેક ગામે નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવાની સાથે ઋણાનુબંધનનો એક અનોખો કાર્યક્રમ ઉજવવામાં આવનાર છે. જેમાં શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યો ઉપરાંત ગ્રામજનોને પણ સાંકળવામાં આવનાર છે.

નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈએ જણાવ્યું હતું કે સમૃધ્ધિના શીર્ષક હેઠળ યોજાનાર કાર્યક્રમમાં ક્ષતિગ્રસ્ત વર્ગખંડો, શૌચાલયોના નિકાલની મંજૂરી સાથે નવા વર્ગખંડોના નિર્માણ માટેની મંજૂરી તેમજ શૌચાલયોના મરામતની મંજૂરી આપવાની સઘન કામગીરી કરવામાં આવનાર છે.

બાળકોમાં કલા પ્રત્યેની અભિરૂચિ જળવાઈ રહે તે માટે સમૂહગાન, વેશભૂષા, દેશભક્તિના ગીતો, સુશોભન રંગોળી વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવા કાર્યક્રમો પણ આ સપ્તાહ દરમ્યાન યોજવાનું આયોજન છે.

આ કાર્યક્રમ લોકોત્સવ બની રહે તે માટે પંચાયતના ચૂંટાયેલા સભ્યો ઉપરાંત ગ્રામ આગેવાનો તેમજ શિક્ષણ પ્રેમી સૌને સાંકળી શિક્ષણના સાર્વત્રિકરણ અંગેના અભિગમની લોક જાગૃતિ ઉભી કરવામાં આવનાર છે. ૫મી સપ્ટેમ્બર એ શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે તેની ઉજવણી યાદગાર બને તે અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૪૮૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | | | ■ | ૮ | | ૯ | ■ |
| | ■ | ■ | ૧૦ | | ■ | | ■ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ■ | ■ | ૧૪ | | ૧૫ |
| ■ | ૧૬ | | | ■ | | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | |
| | ■ | ■ | ૧૯ | | | | |

### આડી ચાવી

૧. ટોળેટોળા ઉમટવા, ... થવો (૩)
૩. શ્રીરામના પુત્રો (૪)
૬. ફરીથી શરૂ કરવું, ... થી ચાલુ (૪)
૭. પાણીની પખાલ (૩)
૮. રખડ્યા કરતું હોય તેવું(૩)
૧૦. ચોકલેટમાં વપરાતો એક પાઉડર (૨)
૧૧. ઘોડો (૩)
૧૪. ઇચ્છા (૩)
૧૬. ઘડો, બેડુ (૩)
૧૭. એક પ્રકારનું લીસું કાપડ(૩)
૧૮. ધૂળના નાના કણો (૨)

### ઊભી ચાવી

૧. ખુબ વેગથી આવતું (૫)
૨. ભપકો, ઠસ્સો (૩)
૩. લીટી ભેગો, મોટો લીટો(૪)
૪. મીઠાઇ પર ચાંદીનો... લગાવાય (૩)
૫. કંતાન.... માંથી બને (૨)
૯. ભુંડ જેવું પ્રાણી (૩)
૧૨. રંગ કરનાર, રંગારો (૩)
૧૩. નભ, આકાશ (૩)
૧૪. ધીરધાર કરનાર (૪)
૧૫. સમારકામ, મંદિરનો...(૪)
૧૭. શાખા, પ્રતિષ્ઠા (૨)
૧૮. પત્તાની એક રમત (૨)

### શબ્દાવલી ૫૪૮૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કબીરવડ (૪) આકા (૬) ન્યાલ (૭) કાળજુ (૮) સંકલન (૯) નમસ્કાર (૧૧) સલામ (૧૪) વાર (૧૬) નત (૧૭) ખાલી (૧૮) તાજ (૧૯) તલ (૨૦) દાનવીર (૨૨) લીલામ (૨૩) જગત

**ઊભી ચાવી :-** (૧) કન્યાદાન (૨) બીલ (૩) વણકર (૪) આળ (૫) કાજુ (૭) કાનસ (૮) સંસ્કાર (૧૦) મવાલી (૧૨) લાનત (૧૩) મતલબી (૧૫) ગાજવીજ (૧૭) ખાટલી (૧૮) તાન (૨૦) દામ (૨૧) રગ

## યુ-આર્મીની રચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોડીયા, આદિત્યસિંહ ગોહિલ, રોહન ગુપ્તા, લાખાભાઈ રબારી, અમીત ચૌધરી, આનંદ ચૌધરી, કલ્પેશ જાની, મનીષા પરીખ, સોનલદેવી વર્માનો સમાવેશ થાય છે. આવનાર દિવસોમાં યુ-આર્મી અનઈમ્પ્લોયઆર્મી (બેરોજગાર સેના) દ્વારા ગુજરાતના શિક્ષીત બેરોજગાર અને અશિક્ષિત બેરોજગાર યુવાનોનું ઓનલાઈન રજીસ્ટ્રેશનુ.દ્વિઢિઔ.હ પર કરવામાં આવશે તેમજ સમગ્ર ગુજરાતના જીલ્લાઓમાં, તાલુકાઓમાં, ગામડાઓમાં ફોર્મની વહેચણી કરી યુવાનોની યુ-આર્મી સાથે જોડવામાં આવશે. તેમજ સમગ્ર રાજયમાંથી ઓનલાઈન અને ઓફલાઈન રજીસ્ટ્રેશન થયેલા યુવાનોની માહિતી મેળવી ગુજરાત સરકાર પાસે માંગણી કરવામાં આવશે કે ગુજરાતના શિક્ષિત બેરોજગાર યુવાનોના પ્રશ્નોને વાચા આપવા અને સમગ્ર ગુજરાતમાં આંદોલન ઉભું કરવા યુ-આર્મીની રચના કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ યુવાનોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં યુવાશક્તિ આજે ભારે અજંપાભરી મનોદશા અનુભવે છે. વાસ્તવિકતા એ છે કે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૮ વર્ષમાં જો કોઈ એક વર્ગે ભારોભાર શોષવું પડ્યું હોય તો તે યુવા વર્ગ છે. કહેવાય તો એમ છે કે યુવાનો દેશનું ભવિષ્ય છે. પણ, ખરેખર તો તેમનો માત્ર રાજકીય ઉપયોગ જ થઈ રહ્યો છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવા વર્ગના પ્રશ્નોને વાચા આપવા, યુવાનોના અદિકારો માટે સંઘર્ષ કરવા, યુવાનોને ન્યાય અપાવવા અને યુવાશક્તિ પોતાના અને રાજ્યના કે દેશના વિકાસમાં સહજતાથી જોતરાઈ શકે તેવું એક સક્ષમ પ્લેટફોર્મ પુરૂ પાડવા યુ-આર્મી રચના કરવામાં આવી છે. રાજ્યમાં રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા આશરે ૧૦ લાખ જેટલી છે. પણ રાજયમાં વણનોંધાયેલા બેરોજગારોની સંખ્યા આશરે ૪૦ લાખ જેટલી થાય છે. ગુજરાતમાં તો સરકાર પોતે જ ફિક્સ પગારની નોકરીઓના નામે યુવાનોનું શોષણ કરે છે અને હવે તો આ મોડલ આખા દેશમાં લાગુ કરવાનો વિચાર થઈ રહ્યો છે એક બાજુ ગુજરાતમાં ૨.૭૫ લાખથી વધારે સરકારી જગ્યાઓ ભર્યા વગરની છે, ૭.૫૦ લાખથી વધુ યુવાનો ફિક્સ પગારના નામે સરકારી શોષણનો ભોગ બની રહ્યો છે.

## જાહેર નિવિદા

કોમ્પ્યુટર કમ સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, ગુજરાત રાજય, ગાંધીનગર કચેરી દ્વારા બિન ઉપયોગી સાધન સામગ્રી (૧) એ.સી. મશીનના ગેલ્વેનાઈઝ પતરાના ડક, તથા ગેલ્વેનાઈઝની પટ્ટીઓ અંદાજીત ૮૦૦ કિલો (૨) એલ્યુમિનિયમની પાર્ટીશન ચેનલો અંદાજીત ૨૫૦ કિલો (૩) એલ્યુમિનિયમના કાચ જડીત દરવાજા નંગ-૧૦, (૪) કાચ નંગ-૫૦ (અંદાજીત ૮ થી ૧૦ એમ.એમ.ના અલગ અલગ સાઈઝના) (૫) લાકડાના દરવાજા તથા લાકડાનો પરચૂરણ સામાન વેચાણ આપવાનો હોવાથી રસ ધરાવતા વેપારીઓએ રૂ. ૧૦૦૦/- ટેન્ડર ફી ભરી, ટેન્ડર ફોર્મ તા. ૨૨/૮/૨૦૧૪ થી ૨૬/૮/૨૦૧૪ સુધી મેળવી લેવાના રહેશે. જે તા. ૨૮/૮/૧૪ સુધી ભરી પરત કરવાના રહેશે.

તા. ૨૦/૮/૨૦૧૪
સ્થળ : ગાંધીનગર
માહિતી/૧૦૧૫/૧૪-૧૫

સહી/-
(અમિતકુમાર વિશ્વકર્મા)
નાયબ પોલીસ મહાનિરીક્ષક

ટચૂકડી જાહેર ખબર

**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડથી ૭૦ મીટરના અંતરે, ફુલ્લી ફર્નિચર સાથે, બે રસોડા, છ-રૂમ, એક કેબીન

સંપર્ક : ૯૭૧૪૧૦૯૧૦૮

**ટ્રેક્ટર વેચવાનું છે**

મહિન્દ્રા 275 DI
મોડલ-૨૦૧૦,
ટ્રોલી-કલ્ટીવેટર

મો. : ૯૯૦૯૬ ૧૭૪૯૫

## ગાંધીનગરશહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં.૧૮નો ૪થો માળ, ઉદ્યોગ ભવન, સે.૧૧, ગાંધીનગર
ફોન/ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮,
Emial : guda_info@yahoo.co.in

**ટેન્ડર નોટીસ નં. ૨ સને ૨૦૧૪-૧૫**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર દ્વારા લાયકાત ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે

| અ.નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા હાથ ધરેલ આયોજન અને વિકાસ કામોના દસ્તાવેજી કરણ માટેની પુસ્તિકા તૈયાર કરવાનું કામ. | રૂ. ૧૦૦૦/- | રૂ. ૨૫૦૦૦/- ફક્ત ડી.ડી. |

- ઉપરોક્ત કામની વિગતો અત્રેની કચેરીની ઈન્ફાસ્ટ્રક્ચર શાખામાંથી તા. ૨૧/૮/૨૦૧૪થી જોવા મળશે.
- ટેન્ડર ફોર્મ તા. ૨૧/૮/૨૦૧૪ થી રૂ. ૧૦૦૦/- રોકડા જમા કરાવેથી ગુડા કચેરી ખાતેથી મળશે.
- ટેન્ડરની હાર્ડ કોપી ઈ.એમ.ડી. ગુડા ઓફીસે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલવાની છેલ્લી તા. ૧૦/૯/૨૦૧૪ ૧૮-૦૦ કલાક સુધી
- ટેન્ડર ખોલવાની સંભવિત તા. ૧૧/૯/૨૦૧૪ સમય : ૧૬-૦૦ કલાકે

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૦/૮/૨૦૧૪
માહિતી/૧૦૧૪/૧૪-૧૫

હિસાબી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર